## પ્લાસ્ટ ઈન્ડીયામાં 'પ્લાસ્ટીક મેન' પર્યાવરણ બચાવોનો સંદેશ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના આંગણે આયોજિત વિશ્વના સૌથી મોટા પ્લાસ્ટ ઈન્ડીયા-૨૦૧૫ના એક્ઝીબીશનમાં દેશ-વિદેશના પ્લાસ્ટીક ઉદ્યોગોએ હીસ્સો લીધો છે. પ્લાસ્ટીક જીવન જરૂરિયાતની વસ્તુ તરીકે ઉભરી રહ્યું છે




ત્યારે પ્લાસ્ટીકના ઉત્પાદનની સાથે પ્લાસ્ટીક વેસ્ટ રીસાયકલીંગના માધ્યમથી જરૂરી ઉપયોગ થાય તે પણ સ્વચ્છ ભારત અને પર્યાવરણની સુરક્ષા માટે અનિવાર્ય બન્યું છે. દેશમાં ધમધમતા પ્લાસ્ટીક ઉદ્યોગો વચ્ચે પ્લાસ્ટીક રીસાયકલીંગ માત્ર ૩૦ ટકા જેટલુ જ થયુ હોવાનુ પણ સ્પષ્ટ થયું છે. આવા સંજોગોમાં શહેરના રસ્તાઓ અને ગલીઓમાં પાંગરતી ગંદકીની સમસ્યા વચ્ચે પ્લાસ્ટીકનો કચરો પણ પર્યાવરણની દષ્ટીએ દિનપ્રતિદિન ખતરારૂપ બની રહ્યો છે. પ્લાસ્ટ ઈન્ડીયામાં પણ આ મામલે વિઝીટર્સને મેસેજ આપવા પ્લાસ્ટીક મેનના માધ્યમથી બચાવવા જાગૃતિ કેળવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. પ્લાસ્ટીકની નાની-મોટી ચીજવસ્તુઓમાંથી સજજ આ 'પ્લાસ્ટીકમેન'ના હાથમાં સ્થિત ફોટોફ્રેમમાં પ્લાસ્ટીકને રીસાયકલીંગ કરી ફર્નિચર બનાવવા તેમજ વૃક્ષને બચાવવાનો મેસેજ પાઠવવા પ્રયાસ થઈ રહ્યો છે.

# મહાનગરપાલિકાઓમાં પ્લાસ્ટીક રીસાયકલીંગના પ્રોજેક્ટનો અમલ થતો નથી : પર્યાવરણને ખતરો

### પ્લાસ્ટીક રીસાયકલીંગની મશીનોના ઉદ્‌ઘાટન બદલ ડોલ પ્લાસ્ટ મશીનરીને ૭ એવોર્ડ મળ્યા છે : ગુજરાતમાં પ્લાસ્ટીક ઉદ્યોગ ઘણા પરંતુ રીસાયકલીંગના મામલે હજુ માત્ર શરૂઆત જ થઈ છે

ગાંધીનગર, તા. ૭

સ્વચ્છ ભારત અને પર્યાવરણ બચાવોના અભિગમને વેગ આપવા પ્લાસ્ટીક વેસ્ટને રીસાયકલીંગ કરવાની દીશામાં અસરકારક પગલા લેવાય તે અનિવાર્ય બન્યું છે. ગુજરાતમાં ધમધમતા પ્લાસ્ટીક ઉદ્યોગોની સાપેક્ષમાં પ્લાસ્ટીક રીસાયકલીંગના મામલે હજુ માત્ર શરૂઆત જ થઈ હોવાનુ મનાઈ રહ્યું છે. પ્લાસ્ટ ઈન્ડીયા-૨૦૧૫ના ભવ્ય એક્ઝીબીશનમાં વેસ્ટ પ્લાસ્ટીકને રીસાયકલીંગ કરવા અનેકવિધ મશીનો પણ ઉપલબ્ધ છે. ગુજરાતના અમદાવાદ જિલ્લાના રકનપુરમાં સ્થિત ડોલ પ્લાસ્ટ ઈન્ડસ્ટ્રીઝને પ્લાસ્ટીક રીસાયકલીંગ મશીનના ઉત્પાદન માટે અત્યાર સુધી ૭ જેટલા એવોર્ડસ પણ પ્રાપ્ત થયા છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ-૨૦૧૧માં પ્રત્યેક મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્લાસ્ટીકના કચરાનુ રીસાયકલીંગ કરવા નિયમો નક્કી કરાયા છે, પરંતુ આ અધિનિયમનો યોગ્ય અમલ ન થતા ગંદકીની સમસ્યા સાથે પર્યાવરણ સામે પણ ખતરો મંડરાયો છે. ડોલ પ્લાસ્ટના એમ.ડી. અનુપ પટેલે પણ આ મામલે અવેરનેસ કેળવાય તેવા અભિગમથી દરેક મ્યુનિસિપલ સાથે ટાઈમપ કરવાની દીશામાં પ્લાનીંગ શરૂ કરી દીધુ છે.

ડોલ પ્લાસ્ટ મશીનરી પ્લાસ્ટીક રીસાયકલીંગના વિવિધ ૨૫ થી વધુ પ્રકારના મશીનો બનાવે છે. પ્લાસ્ટ ઈન્ડીયા ૨૦૧૫ માં પણ આ યુનિટે ભાગ લીધો છે. કંપનીના એમ.ડી.



અનુપ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે શરૂઆતના તબક્કામાં તેમના પિતા અમૃતભાઈ પટેલ પ્લાસ્ટીકના દાણા બનાવતા હતા જ્યારે અનુપભાઈએ મિકેનિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારબાદ મશીનરીના ઉત્પાદનક્ષેત્રે ઝંપલાવ્યુ હતુ. અત્યાર સુધીમાં તેમણે પ્લાસ્ટીકનુ રીસાયકલીંગ કરવા જુદા જુદા ૨૨૦૦ જેટલા મશીનોનુ વેચાણ કર્યું છે. આ અલબત્ત મશીનરીના ઉત્પાદન બદલ તેમને ભારત સરકારે બે એવોર્ડ એનાયત કરી નવાજ્યા છે. આ ઉપરાંત પ્લાસ્ટ ઈન્ડીયા ફાઉન્ડેશને ત્રણ, સુઝાના ફાઉન્ડેશને એક તેમજ એમ.એમ.ઈ. દ્વારા પણ કંપનીને એક તેમ કુલ ૭ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે. રોડ સાઈટ પર જોવા મળતા પ્લાસ્ટીક વેસ્ટથી લઈ તમામ પ્રકારના પ્લાસ્ટીકના કચરાને રીસાયકલીંગ કરવા કંપની કક્ષાએથી રૂ. ૧ લાખથી લઈ ૧.૫૦ કરોડ સુધીના વિવિધ ૨૫ પ્રકારની મશીનરીનુ ઉત્પાદન કરવામાં આવે છે. પ્લાસ્ટીકના કચરામાંથી ફર્નિચરની તમામ આઈટમ બની શકે છે. પ્લાસ્ટીકના કચરાનો નિકાલ અને યોગ્ય ઉપયોગ માટે જાગૃતિનો અભાવ વર્તાય છે. કેન્દ્ર સરકારના વર્ષ-૨૦૧૧ના અધિનિયમનો પણ ત્રણ વર્ષના અંતે અમલ થતો નથી. તેમણે જણાવ્યું હતું કે પ્લાસ્ટીક વેસ્ટના રીસાયકલીંગ માટે કંપનીકક્ષાએથી ટુંકમાં દોર મ્યુનિસિપાલટી સાથે ટાઈમપ કરવાની યોજના વિચારણા હેઠળ છે. જેમાં પાણી, પાવર અને જગ્યાની વ્યવસ્થા ઉપલબ્ધ કરી આપવામાં આવે તો વેસ્ટ પ્લાસ્ટીકમાંથી પ્રોડક્ટ બનાવી આપવાની તૈયારી પણ કંપનીએ દર્શાવે છે.

### ગાંધીનગર જીટીયુમાં

# સીસીસીની પરીક્ષામાં ડમી ઉમેદવાર બેઠેલો ઝડપાયો

### મહીસાગર જિલ્લાના શિક્ષકને બદલે તેનો નાનો ભાઈ પરીક્ષા આપવા બેસી ગયો હતો

ગાંધીનગર, તા. ૭

સરકારી કર્મચારીઓ માટે જરૂરી એવી સીસીસી પરીક્ષા જીટીયુ દ્વારા ગાંધીનગર ખાતે લેવાય છે. આ પરીક્ષા ગઈકાલે ચાલી રહી હતી ત્યારે એક શિક્ષકને બદલે તેનો સગો નાનો ભાઈ પરીક્ષા આપવા બેસી ગયો હતો. ચહેરો મળતો આવતો હતો પરંતુ ઉંમરને કારણે શંકા જતા સુપરવાઈઝરે ચકાસણી કરતા ડમી ઉમેદવાર હોવાનુ બહાર આવ્યું હતું. આ શિક્ષક અને તેના ભાઈ બંને સામે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગાંધીનગર ખાતે સ્થિત જીટીયુમાં ગઈ કાલે સીસીસીની પરીક્ષા ચાલી રહી હતી. આ પરીક્ષામાં સુપરવાઈઝર કામીનીબેન ડાહ્યારામ જયસ્વાલને એક ઉમેદવાર પર શંકા ગઈ હતી. ઉમેદવાર વિરમ મોતીભાઈ ડામોર રહે. રણકપુર, તા. કડાણા, જી. મહીસાગરને બદલે તેનો સગો નાનો ભાઈ કિરણ ડામોર પરીક્ષા આપવા બેસી ગયો હતો. ચહેરાથી બંને ભાઈઓ સરખા દેખાતા હતા પરંતુ ઉંમર વાંચતા શંકા ગઈ અને સુપરવાઈઝરે વધુ ચકાસણી કરી હતી. જેને પગલે શિક્ષક વિરમના બદલે કિરણ બેસી ગયો હોવાનુ બહાર આવતા બંને શખ્સો સામે સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં સુપરવાઈઝરે ફરીયાદ નોંધાવી છે. પીએસઆઈ આઈ.ડી. રાઠોડે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.


# કોન્ટ્રાક્ટરની જાણ બહાર તેમના ખાતામાંથી ૯૦ લાખ ઉપાડી લેવાયા

### ગાંધીનગરના કોન્ટ્રાક્ટરને ગોધરાના રોડ-ગરનાળા બનાવવા કોન્ટ્રાક્ટ મળ્યો હતો : ગોધરાના કોન્ટ્રાક્ટરને કામ અપાયુ હતુ

ગાંધીનગર, તા. ૭

ગોધરામાં રોડ અને ગળનાળા બનાવવા માટે ગાંધીનગરના કોન્ટ્રાક્ટરને સરકાર દ્વારા કોન્ટ્રાક્ટ અપાયો હતો. તેમણે ગોધરાના એક કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપ્યો અને માલસામાન ખરીદવા માટે કોરા ચેકો આપ્યા. આ ચેકોનો કોન્ટ્રાક્ટરની જાણ બહાર ઉપયોગ કરવા બેંકમાં જમા કરી તબક્કાવાર ૯૦ લાખ રૂપિયા ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ સે. ૨૧ પોલીસ મથકે નોંધાવા પામી છે. સે. ૨૧ પીએસઆઈ વી.પી. સોલંકીએ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સે. ૨૬ પ્લોટ નં. ૭૧૭/૨ ખાતે રહેતા શુભલક્ષ્મી કન્ટ્રાક્શનના પ્રોપરાઈટર ચૌધરી મધુભાઈ શંકરભાઈને ગોધરાના રોડ અને ગળનાળા બનાવવા કોન્ટ્રાક્ટ સરકાર તરફથી મળ્યો હતો. મધુભાઈએ ટેન્ડરીંગ કરીને ગોધરાના ઉમાભાઈ એસ. બારીયાને કોન્ટ્રાક્ટ આપ્યો હતો અને પોતાના કોરા ચેકો પણ માલ સામાન ખરીદવા જરૂર પડે તો જાણ કરીને ઉપયોગ કરવા આપ્યા હતા. ઉમાભાઈએ પેટા કોન્ટ્રાક્ટ આપી દીધો અને મધુભાઈએ આપેલા કોરા ચેક તેમને આપી દીધા જેમાંથી ૨૫ લાખનો ચેક પેટા કોન્ટ્રાક્ટરે બનાવીને બેંકમાં નાંખતા બેલેન્સ નહી હોવાથી ચેક રીટર્નનો મેસેજ મધુભાઈને મળ્યો હતો. અને જાણ બહાર ચેક નાંખવા બાબતે તથા પેટા કોન્ટ્રાક્ટરને તેમના ચેક આપવા બાબતે માથાકુટ થઈ હતી. દરમ્યાન સરકારનો એક ચેક મધુભાઈના ખાતામાં જમા થયો અને તેમના ખાતામાં ૯૨ લાખ જમા થયા હોવાની જાણ ઉમાભાઈ બારીયાને થતા તેણે ૯૦ લાખ રૂપિયા મધુભાઈના ખાતામાંથી જાણ બહાર ઉપાડી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરીયાદ નોંધાવી સે. ૨૧ પોલીસે તપાસ શરૂ કરી છે.



ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે સોનબાઈ માતાજીની મૂર્તિનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૯ થી ૧૧મી ફેબ્રુઆરી દરમ્યાન યોજવામાં આવ્યો છે. આ ધાર્મિક કાર્યક્રમમાં નવચંડી યજ્ઞ, મહા-આરતી, શોભાયાત્રા, પુજા-પાઠ અને મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા યોજાશે. આ મહોત્સવમાં ૩૦ થી ૩૫ હજાર ભાવિક ભક્તો માટે મહાપ્રસાદ-ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. લગભગ એક હજાર વર્ષથી વધુ પ્રૌરાણિક આ મંદિરની પ્રતિષ્ઠા માટે સુંદર અને કલાત્મક રથ નિર્માણ કરાયો છે. જેમાં ચાર ઘોડા જોડી માતાજીની સવારી કાઢવામાં આવશે. (નટુભાઈ પટેલ, ચિલોડા)

### સ્વ. મોતીભાઈ અમીન ગ્રંથાલય પારિતોષિક એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૭

રાજય સરકાર દ્વારા રાજયના સાર્વજનિક ગ્રંથાલયોને પ્રોત્સાહન આપવા માટે સ્વ.મોતીભાઈ ન. અમીન ઉત્તમ ગ્રંથાલય પારિતોષિક અને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવે છે. પારિતોષિક વિતરણ સમારંભ દર બે વર્ષે યોજવામાં આવે છે. આગામી ૧૨ ફેબ્રુઆરી ગુરુવારે સાંજે ૬-૦૦ વાગે અમદાવાદ સ્થિત ભાઈકાકા ભવન એલિસબ્રિજ ખાતે યોજાશે. જેમાં નાનુભાઈ વાનાણી, મંત્રી રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપસ્થિત રહેશે. સમારોહમાં રાજકોટ, ધરમપુર, જિ. વલસાડ, પેટલાદ, જિ. આણંદ, કમાણા તા. વિસનગર અને નિકોરા, જિ. ભરૂચ ગ્રંથાલયોને પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

# જૂના સેક્ટરોમાં પાણી ફોર્સથી ન આવતા રહીશો તોબા પોકારી ગયા

### સંપની સફાઈના લીધે હજી ચાર-પાંચ દિવસ પાણી ફોર્સથી આવશે નહી

ગાંધીનગર, તા. ૭

શહેરના જૂના સેક્ટરોમાં છેલ્લા એક અઠવાડીયાથી પાણીની પોકાર ઉઠવા પામી છે. જૂના સેક્ટરોમાં ફોર્સથી પાણી આવતુ નથી તંત્ર દ્વારા ચરેડી ટાંકી અને સંપની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હોવાથી સેક્ટરોમાં પાણીની સમસ્યા ઉદ્‌ભવી છે. હજી ચાર-પાંચ દિવસ પાણી ફોર્સથી આવશે નહીં તેમ પણ તંત્ર દ્વારા જણાવાયું છે.

શહેરમાં પાણીની ટાંકી અને સંપની સફાઈની કામગીરી હાલ ચાલી રહી છે. જેના પરિણામે જૂના સેક્ટરોમાં હાલ પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકડાટ પ્રબળ બન્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી સે. ૧૪ થી ૩૦માં ફોર્સથી પાણી ન આવતુ હોવાની બૂમ ઉઠવા પામી છે.

ચરેડી સંપની સફાઈ ચાલતી હોવાથી હજુ આગામી ચાર-પાંચ દિવસ પાણી ફોર્સથી આપી શકાશે નહી તેમ પણ તંત્ર દ્વારા જણાવાયું છે. સફાઈ કામગીરીના લીધે પાણીનો સપ્લાય ઘટાડી દેવાતો હોવાનુ જણાવાયું છે. પરંતુ જૂના સેક્ટરોમાં પાણીનો ફોર્સ તદન ઘટી જતા નાગરિકોને રોજબરોજના વપરાશ પુરતુ પણ પાણી ઉપલબ્ધ થતુ ન હોવાનો આક્રોશ ઉદ્‌ભવ્યો છે. પાણી તદન ધીમા ફોર્સથી અને ઓછા સમય માટે આવતા રહીશોએ છેલ્લા એક અઠવાડીયાથી પાણી માટે વલખા મારવા પડે છે.

આવા સંજોગોમાં વૈકલ્પિક વ્યવસ્થાના આધારે યોગ્ય સમય માટે ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જો કે જૂના સેક્ટરોમાં હજુ પણ ચાર-પાંચ દિવસ પાણી ફોર્સથી આપી શકાશે નહી તેમ પણ પાણી વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

# પરચુરણની તંગી નાથવા બેંકો મશીન લગાવે

### દસની નોટ નાંખતા ૧ રૂપિયાના ૧૦ અથવા ૨ રૂપિયાના પાંચ સિક્કા આપે તેવુ મશીન અમદાવાદમાં મુકાયું છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં વાર-તહેવારના પ્રસંગો દરમ્યાન અનેકવાર પરચુરણની તંગી ઉપસ્થિત થાય છે. આ તંગી દરમ્યાન રાષ્ટ્રીયકૃત બેંકો સાથે રીઝર્વ બેન્ક આમ જનતાને જરૂરિયાતના સમયે મદદરૂપ થાય છે પરંતુ ઘણીવાર લોકોને પરેશાનીનો ભોગ બનવું પડે છે. આ સમસ્યાને પહોંચી વળવા નગરની રાષ્ટ્રીયકૃત બેંકોની શાખામાં પરચુરણના મશીન રાખવામાં આવે તે જરૂરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદના આશ્રમરોડ પર આવેલ બેંક ઓફ બરોડાની શાખામાં આ પ્રકારનુ 'મેઘા મશીન' મુકવામાં આવ્યું છે. જેમાં ૧૦ રૂપિયાની નોટ નાંખતા ૧ રૂપિયાના ૧૦ અથવા ૨ રૂપિયાના ૫ સિક્કા આપે છે. પ્રતિદિન એક ગ્રાહક મહત્તમ રૂપિયા ૨૦નું પરચુરણ આ રીતે મેળવી શકે છે. બેંક ઓફ બરોડા સહિત અન્ય રાષ્ટ્રીયકૃત અને સહકારી બેંકો પણ૦ પરચુરણના મશીનની વ્યવસ્થા ગોઠવે તો નગરજનો માટે ખૂબ ઉપયોગી સાબિત થાય તેમ છે.

# મનપા દ્વારા શહેરીજનોને સંતોષકારક સ્વચ્છતાની સેવા મળશે કે કેમ ?

### કોંગ્રેસના કાઉન્સિલર અશ્વિન વ્યાસે સફાઈ વેરો વધારવા બાબતે પ્રશ્ન કર્યો

ગાંધીનગર, તા. ૭

મહાનગરપાલિકા બનતાની સાથે જ રહિશોની ઉંઘ ઉડી જવા પામી છે. ત્યારે મહાનગર પાલિકા દ્વારા આગામી સમયમાં સફાઈ વેરો વધારવા બાબતે શહેરીજનો ચિંતિત થઈ ગયા છે. નગરજનો વિચારી રહ્યા છે કે મહાનગરપાલિકાને એક સફાઈ કામ આપવામાં આવ્યું છે. તેમાં પણ ઉત્તીર્ણ થઈ શકી નથી ત્યારે આ વિચાર અયોગ્ય છે. તેમ કાઉન્સિલર અશ્વિન વ્યાસે જણાવ્યું છે.

ગાંધીનગરની જનતાને વેરો ચુકવવામાં કોઈ વાંધો નથી પરંતુ જનતાની ચીંતા મહાનગરપાલિકા દ્વારા યોગ્ય રીતે અને સંતોષકારક સ્વચ્છતાની સેવા મળશે કે કેમ ? તેને લગતી છે. આજે પણ ગાંધીનગરના સેક્ટરોમાં મહાનગરપાલિકા દ્વારા નિયમીત સ્વચ્છતા થતી નથી. માત્ર ડોર ટુ ડોર સફાઈ વાહન ચલાવવામાં આવે છે. તેનાથી મહાનગરપાલિકા સંતોષની લાગણી જણાવે છે. પરંતુ પ્રજાને સેક્ટરની ગંદકી બાબતે આજે પણ ચીંતા છે.

ગાંધીનગર હવે મહાત્મા મંદિર અને હેલિપેડ ગ્રાઉન્ડના કારણે અવારનવાર પ્રદર્શનો, સેમીનારો અને જાતજાતના મેળાઓનું કેન્દ્ર બન્યું છે. ત્યારે સ્વાભાવિક રીતે ગાંધીનગર બહારથી આવનાર પ્રવાસીઓની દૈનિક સંખ્યામાં સ્વાભાવિક વધારો થયો છે. આ પ્રવાસીઓ દ્વારા પાન, મસાલા, ગુટખા ઉપરાંત સીલ પેકમાં વપરાતો ખાદ્ય પદાર્થ વિગેરેનો વપરાશ કરવામાં આવે છે અને જ્યાં ત્યાં પ્લાસ્ટિક અને કાગળ ફેંકવામાં આવે છે. અનો આ માટે મહાનગરપાલિકા મેળાઓના આ સ્થળની આસપાસ તેમજ મહાત્મા મંદિરની આસપાસ સ્વચ્છતાની ખુબ

● અનુસંધાન પાના - ૭ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૭.૧૮**
**સૂર્યાસ્ત : ૬.૩૨**

## તાપમાન

**મહત્તમ : ૩૦.૮ ડિ.સે.**
**લઘુત્તમ : ૧૩.૮ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૭ ટકા ● સાંજે ૩૭ ટકા**

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**
ષમિતાભ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૨ :**
બેબી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩ :**
હમતુમ દુશ્મન દુશ્મન : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૨ :**
ષમિતાભ : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેબી : ૨.૪૦
**: સ્ક્રીન-૩ :**
સેવન્થ સન (અંગ્રેજી) (૩ડી) : ૭.૪૫
બેબી : ૧.૪૫, ૯.૪૫
ષમિતાભ : ૪.૪૫
**સ્ક્રીન-૪ :**
હવાઈજાદા : ૧.૦૦
જય જવાન જય કિસાન : ૪.૦૦
ચેન્નાઈ એરીઢલ (તમિલ) : ૭.૦૦
ખામોશીયાં : ૧૦.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૫ :**
ષમિતાભ : ૧૦.૦૦, ૬.૩૦
બેબી : ૩.૪૫
ખામોશીયાં : ૧૨.૪૫

### સિનેમેક્સ

**: સ્ક્રીન-૧ :**
ષમિતાભ : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨ :**
ષમિતાભ : ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
**સ્ક્રીન-૩ :**
બેબી : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૪ :**
ચેન્નાઈ એરીઢલ (તમિલ) : ૧૨.૦૦, ૩.૧૫, ૧૦.૦૦
પી.કે : ૬.૪૫

## આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનુંથશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

## ચિરવિદાય

- સ્વ. મોના રાજેન્દ્રકુમાર ભટ્ટ (ઉ.વ.૫૧) પ્લોટ નં. ૪૫૫/૧, સે-૨૨, ગાંધીનગર
- સ્વ. મંજુલાબેન રસીકલાલ ભાવસાર (ઉ.વ.૮૦) કિર્તીધામ ફલેટ, જે-૩, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. અર્જુનભાઈ દત્તારામ કાડ (ઉ.વ.૫૮) ઈ-૩, ઊમિયા કોમ્પલેક્ષ, કુડાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મહિપતસિંહ પ્રવિણસિંહ વાઘેલા (ઉ.વ.૩૨) મુ. પીડારડા, તા.જી. ગાંધીનગર
- મીસ્રી સાંકળચંદ હાલારામ (ઉ.વ.૮૬) પ્રભાવક કુટીર, ફલેટ-૨૦, ચોથો માળ, મુંબઈ, મહારાષ્ટ્ર